જોઇશે. આ તબક્કે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલા આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

**વય મર્યાદાઃ-**

- અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની વય ૪૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહી.

**વય મર્યાદામાં છુટછાટઃ-**

- મુળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન.જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૧૦ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહિવટ વિભાગનાં તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત કેટેગરીના મહિલા અરજદારોને અનામત તરીકે મળતી ઉપલી વયમર્યાદાની છૂટછાટ ઉપરાંત મહિલા તરીકેની ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભુમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ / પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- તમામ અનામત કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા છુટછાટ સાથે કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

**પસંદગી પ્રક્રીયાઃ-**

- પરીક્ષા O.M.R. (Optical Mark Reader) પધ્ધતિથી લેવામાં આવશે. જેમાં નર્સીંગ વિષયના ૧૦૦ પ્રશ્નો તેમજ ગુજરાતી વિષયના ૧૦૦ પ્રશ્નો MCQ (Multiple choice question) દ્વારા પુછવામાં આવશે.
- પેપર-૧ નર્સીંગ વિષયનું રહેશે. જેમાં ફન્ડામેન્ટલ ઓફ નર્સીંગ-૨૦ ગુણ, મેડીકલ સર્જીકલ નર્સીંગ-૨૦ ગુણ, મીડવાઇફરી અને પીડીયાટ્રીક નર્સીંગ-૨૦ ગુણ, મેન્ટલ હેલ્થ અને સાયક્યાટ્રીક નર્સીંગ-૨૦ ગુણ, કોમ્યુનીટી હેલ્થ નર્સીંગ-૨૦ ગુણ આમ કુલ ૧૦૦ પ્રશ્નો પુછવામાં આવશે અને દરેક પ્રશ્નનો ૧ ગુણ રહેશે. આ વિષયો માટેનો અભ્યાસક્રમ ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ ધ્વારા નિર્ધારીત કરેલ સીલેબસ મુજબનો રહેશે.
- પેપર-૨ ગુજરાતી ભાષાના પેપર માટે પુછવામાં આવનાર અભ્યાસક્રમ ધોરણ-૧૨ હાયર સેકન્ડરી કક્ષાથી નીચેનું રહેશે નહીં. જેમાં ભાષા (Language)-૩૦ ગુણ, વ્યાકરણ (Grammar)-૪૦ ગુણ અને સાહીત્ય (Literature)-૩૦ ગુણ આમ કુલ-૧૦૦ પ્રશ્નો પુછવામાં આવશે અને દરેક પ્રશ્ન નો ૧ ગુણ રહેશે.
- દરેક ખોટા પ્રશ્નના જવાબ માટે ૦.૨૫ ગુણ બાદ કરવામાં આવશે.
- શકય ત્યાં સુધી પરીક્ષા સબંધિત બધી જ સુચનાઓ મોબાઇલ નંબર ઉપર SMS થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી આપેલ મોબાઇલ નંબર જાળવી રાખવો જરૂરી છે.
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે નર્સીંગ વિષયને લગતી પરીક્ષા ૧૦૦ ગુણની રહેશે. જેમાં ઉત્તીર્ણ થવા માટે ૫૦ ટકા ગુણ જરૂરી છે. જાહેરાતમાં દર્શાવ્યા મુજબના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો પાસીંગ ધોરણ ઘટાડવાની સત્તા ભરતી સમિતીને રહેશે અને તે મુજબ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. પરીક્ષા માટેનો સમય ૨(બે) કલાકનો રહેશે. પરીક્ષા ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં આપી શકાશે.
- ગુજરાતી ભાષાની પરીક્ષા ૧૦૦ ગુણની રહેશે. જેમાં ઉત્તીર્ણ થવા માટે ૩૫ ટકા ગુણ જરૂરી છે. પરીક્ષા ફકત ગુજરાતી ભાષામાં આપી શકાશે.
- બન્ને પરીક્ષામાં પાસ થવુ જરૂરી છે, પરંતુ નર્સીંગના વિષયમાં તેમજ ગુજરાતી ભાષાના બંન્ને પેપરમાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે.

**પરીક્ષા ફી.**

(૧) "General" કેટેગરી Select કરનાર ઉમેદવારો માટે અરજી ફી. રૂ. ૩૦૦/- + પોસ્ટ ઓફીસ ચાર્જ (ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૩૦૦ + ચાર્જ) ભરવાનો રહેશે તેમજ ઓનલાઇન પેમેન્ટ કરવા માટેનો પણ વિકલ્પ ઉપલબ્ધ હોઇ ઓનલાઇન પેમેન્ટ પણ કરી શકશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જન.જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, દિવ્યાંગ, માજી સૈનિક અને આ.ન.વ. ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ફી/ચાર્જ ભરવાનો રહેશે નહી.

(૨) "General" કેટેગરી Select કરનાર અને પોસ્ટ ઓફિસ મારફતે અરજી ફી ભરવા માંગતાં ઉમેદવારોએ ઓનલાઇન અરજી કર્યા બાદ OJAS વેબસાઇટ ઉપરથી અરજી પત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના ૩(ત્રણ) ચલણની A-4 સાઇઝની પ્રિન્ટ લઇને તે કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરવાથી તેઓ દ્વારા ફી સ્વીકારવામાં આવશે. જ્યારે ઓનલાઇન ફી નું ચુંકવણું કરવા માંગતા ઉમેદવારોએ પેમેન્ટ માટે ઉપલબ્ધ વિકલ્પો પૈકી કોઇ એક વિકલ્પ પસંદ કરી ફી ચુંકવવાની રહેશે.

(૩) "General" કેટેગરી Select કરનાર ઉમેદવારોએ આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફીસ રાખશે અને બીજા બે સહી/ સિક્કા કરી ઉમેદવારને પરત કરશે. જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચૂક રજુ કરવાની રહેશે. જો આ ચલણ રજુ નહી કરે તો તે ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. જ્યારે ઓનલાઇન ફી ચુંકવણું કરનાર ઉમેદવારોએ ફી ચુંકવણું કર્યા અંગેની પહોંચ સાચવી રાખવાની રહેશે.

(૪) પોસ્ટ ઓફીસમાં તેમજ ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૨૨/૦૧/૨૦૨૧ના પોસ્ટ ઓફિસના કામકાજ સમય સુધી રહેશે.

(૫) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ "General" કેટેગરી Select કરનાર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૬) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ન મળે તો તાત્કાલિક ઉમેદવારે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

**સામાન્ય સુચનાઓ :**

(૧) સદર ભરતી સંબંધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત www.gujhealth.gujarat.gov.in અથવા http://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી જોવા મળશે.

(૨) ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ (અસલ અને પ્રમાણિત નકલ) આ ખાતા ધ્વારા જયારે મંગાવવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વ ખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક રદ જાહેર કરવામાં આવશે.

(૩) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે અને ભરેલ ફી ના નાણા પરત મળશે નહી.

(૪) શારીરિક અશક્તતા (ફકત ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૦ ટકા સુધીની One Lower limb ની Locomotor disability) ધરાવતા ઉમેદવારે Online અરજી ફોર્મમાં અંગત માહિતી કે વિગતોમાં પોતાની અશક્તતાની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૫) અનામત કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, લાગુ પડે ત્યાં નોન ક્રિમીલીયર સર્ટીફીકેટ અને આર્થિક નબળા વર્ગ (EWS)નું પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૯ના પરીપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨ મુજબનું જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખની સ્થિતિએ માન્ય હોય તે ધ્યાનમાં લેવાશે.

(૬) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિ. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો તેમજ ભરતી પ્રક્રિયાના નિયમોને આધીન રહેશે.

(૯) આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યાઓમાં વધ ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે. આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળશે નહિ.

(૧૦) આ અંગેનું ઓનલાઇન અરજી પત્રક વેબસાઇટ http://ojas.gujarat.gov.in ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી ફોર્મ કોઇ પણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપર ભરી શકાશે. ઇ-ગ્રામ કેન્દ્રમાં પણ સુવિધા ઉપલબ્ધ હોય છે.

(૧૧) અરજી પત્રક ભરતા પહેલાં વેબસાઇટ પર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઇન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓ કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યાર બાદ જ ઓનલાઇન અરજીપત્રક ભરવું.

(૧૨) ફકત ઓનલાઇન અરજીપત્રકો જ માન્ય ગણાશે, જો અન્ય કોઇ પણ પ્રકારે અરજી પત્રકો મોકલવામાં આવશે તો તે રદ બાતલ ગણાશે.